**ટોચ અગ્રતા,**

**E-MAIL**

ક્રમાંક: પ્રાશિનિ/RTE/પ્રવેશ/૨૦૨૬/૮૮૭-૮૩૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોકનં.૧૨/ ૧,ડૉ.જી.મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર,**તા. ૧૨/૦૫/૨૦૨૬**

**પ્રતિ,**
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણ સમિતિ, **તમામ**
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, **અમદાવાદ શહેર, રાજકોટ, વડોદરા, સુરત, ભાવનગર, ગાંધીનગર, જામનગર**

**વિષય:-** RTE અંતર્ગત વર્ષ ૨૦૨૬--૨૭ માટેનાં પ્રથમ રાઉન્ડનાં પ્રવેશ ફાળવણીની તારીખ લંબાવવા બાબત.

**સંદર્ભ:-** અત્રેની કચેરીનો તા.૦૪/૦૫/૨૦૨૬ નો પત્રાંક:- પ્રાશિનિ/RTE/પ્રવેશ/૨૦૨૬/૮૦૦-૮૪૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, RTE અંતર્ગત વિનામૂલ્યે પ્રવેશ વર્ષ:- ૨૦૨૬-૨૭ માટે પ્રથમ રાઉન્ડની પ્રવેશ ફાળવણી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગર દ્વારા તા.૦૪/૦૫/૨૦૨૬નાં રોજ ઓનલાઇન કરવામાં આવેલ છે. જે શાળામાં બાળકોને પ્રવેશ ફાળવવામાં આવેલ છે તેવી શાળાઓએ RTE હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને શાળા દ્વારા પ્રવેશ આપવાની કાર્યવાહી તા.૧૨/૦૫/૨૦૨૬ સુધીમાં સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવે તે અંગેની વિગતવાર સૂચનાઓ અત્રેની કચેરીના સંદર્ભદર્શિત પત્રથી આપવામાં આવેલ હતી.

RTE હેઠળ પ્રવેશ ફાળવેલ વિદ્યાર્થીઓને શાળા ખાતે પ્રવેશ મેળવી લેવાની છેલ્લી તારીખ લંબાવીને તા.૧૫/૦૫/૨૦૨૬ સુધી નિયત કરવામાં આવે છે. આથી તા.૧૫/૦૫/૨૦૨૬ સુધી પ્રવેશ મેળવવા માટે હજી બાકી રહેલા વિદ્યાર્થીઓ સમયમર્યાદામાં પ્રવેશ મેળવી લેવાની અને પ્રવેશ અંગેની આનુસંગિક તમામ કાર્યવાહી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરી લેવા જણાવવામાં આવે છે.

**(ડૉ. એમ. એન. પટેલ)**
**નાયબ શિક્ષણ નિયામક**
**ગુ.રા. ગાંધીનગર**

- **સવિનય નકલ રવાના (જાણ સારૂ):**
  - અંગત મદદનીશશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
  - અંગત મદદનીશશ્રી, માન. મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
  - અંગત મદદનીશશ્રી, માન. મંત્રીશ્રી (શિક્ષણ,રા.ક)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
  - માન. અગ્રસચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, બ્લોક નં:૫/૮, સચિવાલય, ગાંધીનગર

13/5

જા.નં/પ્રાથમિક/૨૦૨૬/૩૪૨૬
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા. ૧૩/૦૫/૨૦૨૬

પ્રતિ,
સુરત મહાનગર પાલિકા વિસ્તારની ખાનગી પ્રાથમિક શાળાઓ તરફ,

District Education Office
Surat. Dist. Surat

/- ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારૂ.